ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૮ ટકા

# ગાંધીનગર ખાતે મીની મેરેથોન યોજાઈ

## સી.આર.પી.એફ.ના ઉપક્રમે વિવિધ દળોની યોજાયેલી મીની મેરેથોનમાં ૫૦૦ જેટલા જવાનો સહભાગી થયા







ગાંધીનગર, તા.૩

દેશની સરહદી સુરક્ષા અને પર્યાવરણના જતન માટે સુરક્ષા દળોની ભૂમિકા ખૂબ જ અગત્યની છે તેમ ગાંધીનગર ખાતે સી.આર.પી.એફ.ના ઉપક્રમે વિવિધ સુરક્ષાદળો દ્વારા યોજાયેલી મીની મેરેથોનના કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

વિશ્વ પર્યવારણ દિવસ - ૨૦૧૮ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી ૭ કિમી. લાંબી મીની મેરેથોનને ફ્લેગ ઓફ કરાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં તાજેતરમાં જ એક મહિના સુધીની જળસંચય માટે સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ જળસંચય અભિયાનમાં ૧૧ હજાર લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે. એવી જ રીતે સમગ્ર રાજ્યમાંથી પ્લાસ્ટિકનો કચરો દૂર કરવા અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકાને સાંકળવામાં આવશે.

પર્યાવરણ જતનના સંદેશા સાથે યોજાયેલી મીની મેરાથોનમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર બી.એસ.એફ.ના જવાનો સર્વ શ્રી હરીઓમ, અજય સાકોલીયા અને સી.એચ.કુશવાહા તેમજ મહિલા શ્રેણીમાં સી.આર.પી.એફ.ના વિજેતા શ્રી ઈ. રાધા અને એ.અમૂલ્યાને મંત્રીશ્રીના હસ્તે મેડલ, પ્રમાણપત્ર અને ઈનામી રાશી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી પ્રદિપસિંહ જાડેજાએ સી.આર.પી.એફ.ના ડી.આઈ.જી. શ્રી કે.એમ.યાદવ સાથે સ્વર્ણિમ પાર્ક ખાતે વૃક્ષારોપણ પણ કર્યું હતું.

સી.આર.પી.એફ. કેમ્પ ગાંધીનગરથી સ્વર્ણિમ પાર્ક સુધી યોજાયેલી ૭ કિમી.ની મીની મેરેથોનમાં સી.આર.પી.એફ., આઈ.એ.એફ., બી.એસ.એફ., એન.ડી.આર.એફ., આર્મી અને આર.એ.એફ.ના ૪૦૩ જવાનો તેમજ ૯૭ મહિલા જવાનો ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સી.આર.પી.એફ.ના ડી.આઈ.જી. શ્રી કે.એમ.યાદવે સ્વાગત પ્રવચન તેમજ ડી.આઈ.જી. શ્રી એસ.કે. પાર્થ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સુરક્ષાદળોના ઉચ્ચ અધિકારીઓ, જવાનો તથા ગાંધીનગરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અંબાપુરના ખેતરમાં જુગાર રમતા ચાર શકુની રૂ.૭૧૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૩

અડાલજ નજીક આવેલા અંબાપુર ગામમાં એક ખુલ્લા ખેતરમાં ઝાડ નીચે કેટલાક જ શકુનીઓ જુગાર રમી રહ્યા હોવાની બાતમી અડાલજ પોલીસને મળતા ગઈ કાલે પોલીસે દરોડો પાડી ચાર જુગારીઓની બાજી રમતા રંગેહાથ ઝડપી પાડયા હતા. રૂ. ૭૧૦૦ના રોકડ મુદ્દામાલ સાથે અંબાપુર ગામના ચારેય શખ્સોની ધરપકડ કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પીઆઈ જે.જી. વાઘેલાની સૂચનાથી તેમની એક ટીમ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે અંબાપુર ગામના ભીખાભાઈ પટેલના બોરની પાસે ખુલ્લા ખેતરમાં લીમડાના ઝાડ નીચે બેઠા બેઠા કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. ગામના ખેતરમાં ખુલ્લેઆમ જુગાર રમી રહ્યાની બાતમીના આધારે ગઈકાલે અડાલજ પોલીસની ટીમે આ બાતમી વાળા સ્થળ પર જઈ દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા ચાર શકુનીઓને દબોચી લીધા હતા. તેમની પાસેથી રૂ.૭૧૦૦નો રોકડ મુદ્દામાલ મળી આવ્યો હતો. પકડાયેલા ચાર શખ્સો પૈકી ત્રણ અંબાપુરના ભોયણયો વાસમાં રહે છે. જ્યારે એક હનુમાન વાસમાં રહે છે. અડાલજ પોલીસે અંબાપુરના ચારેય જુગારીઓ અશોક ગલા ઠાકોર, કનુ બળદેવ ઠાકોર, જીવણ સકરા ઠાકોર અને હર્ષદ અમરત ઠાકોર મળી ચારે શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




ઉનાળાની આકરી ગરમીમાં જો કોઈ પીણું તમારું સ્વાસ્થ્ય ટકાવી રાખવા ઉપયોગી નીવડે તેવું હોય તો તે છાશ છે. અને એટલે જ છાશને ઉનાળાનું અમૃત કહેવાય છે. ધોમધખતા તાપમાં છાશ પીવાથી ‘લૂ’ લાગતી નથી અને શરીરમાં પ્રવાહિતાને જાળવવામાં મદદરૂપ નીવડે છે. ગાંધીનગરના ખ-૦ સર્કલે સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં ખ રોડ પર સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪ સોસાયટીના રહીશોની બનેલી શ્રી રામ સેવા સમિતિ દ્વારા ૨૫૧ લીટર ઠંડી છાશના વિતરણનું સેવા કાર્ય હાથ ધરાયું હતું. ખરા તડકાના સમયે કરાયેલ આ છાશ વિતરણ સેવાના કેમ્પ જોઈ રાહદારીથી માંડીને કારચાલકો પણ છાશ પીવા થોભી જતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમિતિ દ્વારા ખ રોડ પર ઠંડા પાણીની પરબ પણ નિયમિત ચલાવાય છે.

## છ જિલ્લામાંથી તડીપાર થયેલો શખ્સ ગાંધીનગરથી ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીકના ભાટ ગામનો એક રીઢો આરોપી તાજેતરમાં જ છ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવેલો છે. તડીપાર થયેલો આ આરોપી એક વર્ષ માટે તડીપાર હોવા છતાં આ હુકમનો અનાદર કરી ભાટ ખાતે પોતાના ઘરે આવી રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એસ.ઓ.જી. ને મળતાં તેની ટીમે રીંગ રોડ ઉપર વોચ ગોઠવી આ શખ્સને દબોચી લીધો હતો. તડીપારનો હુકમ ભંગ કરનાર આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર નજીકના ભાટ ગામની પાણીની ટાંકી પાસે રહેતો અને અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો શખ્સ કાળાજી માસંગજી ઠાકોરને ૧૪ માર્ચના રોજ ગાંધીનગર-અમદાવાદ સહિત છ જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યો છે. ગાંધીનગર, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી અને સાબરકાંઠા સહિતના છ જિલ્લાઓમાંથી એક વર્ષ માટે તડીપાર કરવામાં આવેલો આ કાળાજી પોતાના ઘરે ભાટ ખાતે આવી રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એસ.ઓ.જીના કોન્સ્ટેબલ અરવિંદસિંહને મળી હતી. જે આધારે ગઈકાલે એસ.ઓ.જી.ની એક ટીમ સરદાર પટેલ રીંગ રોડ ઉપર ભાટ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. ભાટ સર્વિસ રોડ ઉપરથી ચાલતાં-ચાલતાં આવી રહેલા કાળાજીને એસઓજીની ટીમે કોર્ડન કરીને દબોચી લીધો હતો. તડીપારનો હુકમ ભંગ કરનાર કાળાજીની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી આરોપી અડાલજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં રોહિત સેના ફાઉન્ડેશન દ્વારા રોહિત મહાસંમેલન યોજાયુ




ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આજરોજ રોહિત સેના ફાઉન્ડેશન દ્વારા રોહિત મહાસંમેલન યોજાયું હતું. આ મહાસંમેલનમાં સંત શિરોમણી રોહીદાસજીની વિચારધારાને અનુસરીને ઉન્નતિ મેળવવા, શિક્ષણમાં જાગૃતિ લાવવી, સમાજને અંધશ્રધ્ધા, વહેમ, કુરીવાજ, અને વ્યસનોથી મુકત કરાવો,સમાજના યુવાધનને પગભર કરવા સ્પર્ધાત્મક વર્ગો, મહાવિદ્યાલયો, યુનિવર્સિટીની સ્થાપના કરવી જેવા અનેક હેતુંઓ સાથે આ સંમેલન યોજાયું હતું.આ પ્રસંગે સંગઠનના અધ્યક્ષ સુખદેવજી મહારાજ, ગોવિંદરામ બાપુ હાજર રહીને સમાજના ભાઈ-બહેનોને આર્શિવચન પાઠવ્યા હતા. આ રોહિત સમાજના મહાસંમેલનમાં અધ્યક્ષ પદે નિવૃત ડી.વાય.એસ.પી. જે.જે.મેવાડા, મુખ્ય મહેમાન નાઝાભાઈ ઘાંઘર, રોહિત સેના ફાઉન્ડેશનના પ્રમુખ જગદીશ પ્રિયદર્શી, ગાંધીનગર જિલ્લા પંચાયતના ચેરમેન એલ.એન.પરમાર, રાજકીય આગેવાનો, કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા, માજીમંત્રી ડો.દિનેશચંદ્ર પરમાર, કનુભાઈ વાઘેલા વિવિધ સંગઠનના હોદેદારો, સભ્યો સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોહિત સેના ફાઉન્ડેશનના પ્રમુખ જગદીશ પ્રિયદર્શી સહિત ટીમના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# શું આપણો રોજીંદો વ્યવહાર પર્યાવરણને અનુરૂપ છે ખરો??

## પ્રકૃતિ આપણી અનુકૂળતા મુજબ વર્તે તેવી અપેક્ષા આપણે રાખીએ છીએ તો સામે આપણી જવાબદારી નહીં? નવા ઉપકરણો કે વાહન ખરીદવા સમયે તેનાથી પર્યાવરણને થનારું નુકશાન ભરપાઈ કરી આપવું ફરજિયાત ના હોવું જોઈએ??




ગાંધીનગર, તા.૩

દર વર્ષે ઉનાળામાં ખાસ કરીને મે માસમાં તાપમાનનો પારો તેની ચરમસીમાએ પહોંચે છે અને કયારેક નવા વિક્રમો સર કરે છે ત્યારે અસહ્ય ગરમીથી થતી અકળામણ પર્યાવરણના જતન અંગે વિચારણા કરવા પ્રેરે છે અને જૂન માસના પ્રારંભના સપ્તાહમાં જ ૫મી જૂને ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી પણ આવી પહોંચી છે. હવે તો સરકારી આયોજનો અને સોશ્યલ મિડિયા પર મળેલ પોસ્ટ ફોરવર્ડ કરી આવી ઉજવણીઓ કરવા ટેવાયેલા આપણે વરસાદનું આગમન થતાં જ ‘માટીની મીઠી સુગંધ’ અને વરસાદી રોમાન્ટિક વાતાવરણમાં એવા તરબતર થઈ જઈએ છીએ કે પેલી અકળામણ અને તેના થકી ઉદભવેલી વિચારણા કયાંય ધોવાઈ જાય છે. હંમેશા આપણે પ્રકૃતિ આપણી અનુકળતા મુજબ વર્તે તેવી અપેક્ષા રાખીએ છીએ પરંતુ સામે પક્ષે શું આપણે પ્રકૃતિની અનુકુળતા જળવાય તેવો વ્યવહાર કરીએ છીએ ખરા? શું આપણી જીવનશૈલી પર્યાવરણ સાથે તાલ મિલાવનારી છે ખરી? સોચ લો ઠાકુર...!!!

આપણા શાસ્ત્રોમાં એવું કહેવાયું છે કે, ‘સમાજ એક એવો કુવો છે જેમાં તમે જેવું નાંખશો તેવું પામશો, મતલબ જેવું વાવશો તેવું લણશો’ એ પ્રકૃતિનો નિયમ છે. આજે દિન પ્રતિદિન જે રીતે પર્યાવરણની સ્થિતિ વણસી રહી છે તે જોતા આપણે આપણી જાતને સવાલ કરવાની તાતી જરૂર છે કે, ‘હું સવારથી ઉઠું છું ત્યારથી રાત્રે સુઈ જાઉં ત્યાં સુધી જે પણ કરું છું તે પ્રકૃતિને અનુકુળ છે ખરું?’ સવારે ઘરમાંથી કચરાનો નિકાલ કરતી વખતે હવે પહેલા વિચાર એ કરવો પડશે કે આજે આપણે જેટલો કચરો પેદા કર્યો છે, આવતીકાલે તેના કરતા ઓછો કચરો કેવી રીતે કરી શકાય? વળી, કચરાના નિકાલમાં પર્યાવરણને નુકશાન કરતો તેમજ રિસાયકલ કે રીયુઝ ના થઈ શકે તેવો કચરો કેવી રીતે ઘટાડી શકાય. કચરાના નિકાલમાં પણ માત્ર ઘનકચરો અને ભીનો કચરો એટલું પણ આપણે જુદુ પાડતા નથી, જયારે જરૂરિયાત તો એવી છે કે ઘન કચરામાંથી ધાતુ કચરો જેવો કે સ્ક્રુ, બ્લેડ, પીન, ડબ્બા-ડબ્બી, પતરાના ટુકડાં વગેરે ઉપરાંત પ્લાસ્ટિક કચરાને પણ અલગ કરવો જોઈએ. ભીના કચરામાં ઝેરી બની શકે તેવો કચરો જુદો પાડવો જરુરી હોય છે. આ બધું રોજબરોજના જીવનમાં અપનાવવું થોડું અઘરું જરુર છે પરંતુ ભવિષ્યમાં પણ અપનાવ્યા વગર છુટકો નહીં રહે. આ વર્ષે પર્યાવરણ દિનની ઉજવણીની થીમ પ્લાસ્ટિકના ઉપયોગને મ્હાત કરવાની છે ત્યારે ખાસ કરીને ૫૦ માઈક્રોનથી પાતળી પ્લાસ્ટિક બેગનો સદંતર ત્યાગ કરવો જ રહ્યો.

આપણી બપોરની ઊંઘમાં ખલેલ ના પડે તે માટે આપણે દરકાર લઈએ છીએ પરંતુ કુદરતને દરરોજ ખલેલ પહોંચે તેવો વ્યવહાર કરતા અચકાતા નથી. એસી, ટીવી, ફ્રીઝ કે વાહનનો ઉપયોગ કરવાથી કાર્બનનું ઉત્પાદન થાય છે તેના બદલામાં એટલો ઑકિસજન પણ પેદા થાય તેવું આયોજન કરી આપણે પ્રકૃતિને



કરેલા નુકશાનને ભરપાઈ કરવી જોઈએ. જેમ કે એસી ખરીદનારે કે વાહન ખરીદનારે સામે નિશ્ચિત સંખ્યામાં ફરજિયાત વૃક્ષોનું વાવેતર કરી તેને જતનપૂર્વક ઉછેરવા તેવો નિયમ ના બનાવી શકાય? નવા વૃક્ષોનું વાવેતર તો જરુરી છે જ પરંતુ તેટલું જરુરી વૃક્ષોને કપાતા રોકવું પણ છે, એક ઘટાદાર પુખ્ત વૃક્ષ કાપવાથી પ્રકૃતિને જેટલું નુકશાન થાય છે તે ગણતરી માંડીએ તો પ્રત્યેક વૃક્ષનું અકાળે અવસાન એ માનવીના અવસાન જેટલી જ દુઃખદ બાબત છે માટે જયારે પણ કયાંય વૃક્ષ કપાય ત્યારે તે મુજબ જરુરી વલોપાત કેમ થતો નથી? આપણે જયાંને ત્યાં ટાઈલ્સ કે આરસીસી ફલોરીંગ કરી વૃક્ષોને ઘેરી લઈ તેનું જીવનકાળ ઘટાડી દેતા અચકાતા નથી. ગાંધીનગરમાં સે-૧૭માં સરકારી પુસ્તકાલય સામેના મેદાનમાં આ રીતે આરસીસી ફલોરીંગ વાળો પાર્કિંગ લોટ બનાવવાની લ્હાયમાં અસંખ્ય વૃક્ષોનો મૃત્યુ ઘંટ વાગી ગયો છે. સરકારે વૃક્ષો કાપવાની તથા વૃક્ષોની જાળવણીની નીતિમાં ઘરમૂળમાંથી ફેરફાર કરવો જરુરી જણાય છે.

પર્યાવરણને બચાવવા વિજળી, પાણી, ઈંધણ વગેરેની ખપત ઓછી કરવી અત્યંત જરુરી છે પરંતુ મોટા ભાગના સરકારી કાર્યાલયોમાં રીશેષના સમયમાં કે ઓફિસ છુટયા પછીના સમયે જુઓ તો ખાલીખમ ઓફિસમાં અસંખ્ય લાઈટ-પંખા માત્ર ફર્નિચરને તેમની સેવા પુરી પાડતા જોવા મળે છે. અરે, કેટલાક અધિકારીઓ તો ઓફિસમાં પહોંચ્યા પહેલા પટાવાળાને ફોન કરી એસી ચાલુ કરાવી ઓફિસ ‘ઠંડી’ કરી રાખવા ટેવાયેલા છે. શું આપણે ઓફિસ છોડતી વખતે, ઘરમાં એક રૂમમાંથી બીજા રૂમમાં જતી વખતે કે વિદ્યાર્થીઓને વર્ગખંડમાંથી બહાર નીકળતી વખતે એસી, લાઈટ, પંખા કે અન્ય ઈલેકટ્રોનિક કે ઈલેકટ્રીક ઉપકરણો બંધ કરવાની ટેવ પાડવી ના જોઈએ? આપણા વાહનોમાં ચકાસણી વગર પીયુસી સર્ટીફીકેટ મેળવી લેવા અને પછી માર્ગ પર બેફામ ધુમાડા છોડી પ્રદૂષણ પેદા કરવું આપણને કયાં સુધી પોસાશે?

વરસાદી પાણી વરસે ત્યાર તેનો યોગ્ય સંગ્રહ થાય, વીજળી, પાણીનો બેફામ વ્યય અટકે સાથે જીવનશૈલી શકય હોય તેટલી પર્યાવરણને નુકસાનકારક લકઝરીનો ઉપયોગ લઘુત્તમ કરવો પડે તેવી કરવી અને વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરવા સાથે તેનો જતનપૂર્વક ઉછેર કરવાની આદતો કેળવીશું તો પર્યાવરણ દિવસની ઉજવણી સાર્થક બનશે. આ વર્ષની પર્યાવરણ દિનની થીમ ‘રિસાયકલ, રીયુઝ ઓર રીફયુઝ’ એટલે કે ‘પુનઃ વપરાશ કરી કચરો ઘટાડવો, જો તે શકય ના હોય તો ઉપયોગ ટાળવો’ છે ત્યારે આપણે એક જ સવાલ જાતને પુછવો જોઈએ કે, ‘શું આપણી જીવનશૈલી કે આપણો વ્યવહાર પ્રકૃતિને અનુરૂપ છે?’

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સાંજે ૫ કલાકે નમનએપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજાશે.

●સે-૧૩-બી ખાતે શિવ મહાપુરાણ કથા યજ્ઞ સાંજે ૭.૫૫ થી ૧૧.૧૫ કલાક દરમિયાન પ્લોટ નં. ૮૯૯થી ૯૦૦ની સામે આવેલા કોમન પ્લોટ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● શહેરના મધ્યમાં ઘ-૪ સર્કલે રવિવારની સવાર ખૂબ જ રોચક રહી હતી. ઘ-૪ સર્કલે પુસ્તક પરબ, મહાત્મા મંદિર તરફના માર્ગે જલ્સા સ્ટ્રીટ તથા ઉદ્યોગ ભવન થઈ વિધાનસભા તરફના માર્ગે અર્ધસુરક્ષા બળોની મેરેથોનના સમાપનને કારણે સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં ટ્રાફિકની ભારે ચહલપહલ જોવા મળી હતી.

● શહેરના સે-૧૫ જલભવન ખાતે કૂતરાંઓના કારણે એક કબૂતર ઘાયલ અવસ્થામાં મળી આવ્યું હતું. આ કબૂતરને પક્ષી પ્રેમીની મદદ દ્વારા સારવાર પુરી પાડવામાં આવી હતી.

● સૌરાષ્ટ્ર અને સુરતમાં વરસાદ આવી પહોંચતા નગરજનો પણ આતુરતાથી આકરી ગરમીને દૂર કરતા વરસાદની રોહ જોતા એવી ચર્ચા કરતા જોવા મળ્યા હતા કે શાળા ખુલવાનો સમય અને વરસાદનો આવવાનો સમય બંને સાથે આવશે.

## કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા ડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૩

કેપીટલ ક્રિએટીવ કલબ ગાંધીનગર અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૮ જુનને શુક્રવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકડાયરાના લોકપ્રિય કલાકારોમાં લોક સાહિત્ય અને હાસ્યના પારંગત દેવરાજ ગઢવી અને લોકગીત-ભજનના વર્ષા બગથરીયા ઉપસ્થિત રહીને ડાયરાની જમાવટ કરશે. આ પ્રસંગે પંકજભાઈ ભટ્ટ (ચેરમેન), જે.એમ. ભટ્ટ (સભ્ય સચિવ), ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર, પ્રદિપસિંહ બિહોલા, સમીરભાઈ ત્રિવેદી, અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે જયારે ડાયરાના કાર્યક્રમને સફળ બનાવવા કેપીટલ ક્રિએટીવ કલબના મુકેશ પટેલ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## વિશ્વ યોગ દિવસની ઉજવણીના ટ્રેનિંગ માટેનું આયોજન

ગાંધીનગર, તા. ૩

પતંજલી યોગ સમિતિ તેમજ માનસ યોગ સેવા ટ્રસ્ટના ઉપક્રમે તા. ૨૧ જૂન-૨૦૧૮ના રોજ રાજયમાં ઉજવાતા વિશ્વયોગ દિવસના આયોજન માટે યોગ-શિક્ષક ટ્રેનિંગ તા. ૫ જૂન-૨૦૧૮ના મંગળવારથી સવારે ૬.૦૦ થી ૭.૦૦ કલાકે સેકટર-૨૧ જીમખાનામાં યોગાચાર્ય કાનજીભાઈ બાવરી તરફથી નિઃશુલ્ક આપવામાં આવશે. દરેક ઈચ્છુક ભાઈ-બહેનોએ આ ટ્રેનિંગનો લાભ લેવા માટે જૈમિનભાઈ વૈદ્ય મો. નં. ૯૮૨૫૪૮૮૪૦૮નો સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવી લેવુ. સે. ૨૧ જીમખાના સવારે ૬.૦૦ કલાકે રૂબરૂ આવી જવું.

## ચિરવિદાય

● સ્વ. જીતેન્દ્ર મોહનલાલ ત્રિવેદી, ઉ.વ. ૭૮